GJGS020013842020

દાખલ તારીખઃ–૨૮/૧૦/૨૦૨૦
રજીસ્ટર તારીખઃ– ૨૮/૧૦/૨૦૨૦
ફેસલ તારીખઃ–૨૨/૦૪/૨૦૨૬
સમયગાળોઃ–**વર્ષ, માસ, દિવસ**
**૦૫–૦૫ – ૨૫**

**એડીશ્નલ સીનીયર સીવીલ જજ અદાલત, જી.ગીર સોમનાથ, મુ. વેરાવળ**

**રેગ્યુલર દિવાની મુકદમા નંબર–૧૦૯/૨૦૨૦**
**આંક–૨૯**

**વાદી–** **યુનીયન બેન્ક ઓફ ઈન્ડીયા**
**ભુતપૂર્વ આંધ્રા બેંક,**
તે બેન્કીંગ કંપની એકટ હેઠળ
સ્થપાયેલ કોર્પોરેટ બોડી,
થ્રુ બ્રાન્ચ મેનેજરશ્રી કુમાર સોનુ,
વેરાવળ બ્રાન્ચ, મું.વેરાવળ,
તા.વેરાવળ, જી. ગીર સોમનાથ.

**વિરૂધ્ધ**

**પ્રતિવાદી:–** **અપારનાથી શૈલેષગીરી નારાયણગીરી,**
ઉ.વ.આ.૩૮, ધંધો–વેપાર,
ઠે. ૧૪૩, વાડી વિસ્તાર, રહે. ભાલપરા,
તા.વેરાવળ, જી. ગીર સોમનાથ.

==================================

**વાદી તર્ફે વિ.વ.શ્રી એ.બી.થાનકી**

**પ્રતિવાદી તર્ફે વિ.વ.શ્રી જે.એ.પંડયા**

==================================

| દાવો:– | રૂ.૮૬,૦૬૩/– પૈસા વસુલ મળવા અંગે.. |
|---|---|

## ::– ચુ કા દો –::

**દાવા અરજીની હકિકત સંક્ષિપ્તમાં**

(૧) આ દાવા અરજીની હકીકત એવી છે કે, વાદી બેન્ક નોંધાયેલ અને નેશનલાઈઝડ છે તેની અનેક શાખાઓ છે જે પૈકી એક વેરાવળમાં છે. વાદી બેન્ક નવા ધંધા, ધંધાના વિકાસ વિગેરે હેતુ માટે લોન આપતી હોય પ્રતિવાદીને પણ રૂ.૧,૩૫,૦૦૦/– ની લોન વેપાર ધંધા માટે તારીખ ૦૩/૦૨/૨૦૧૭ ના રોજ આપેલી અને જે માટે પ્રતિવાદીએ જરૂરી દસ્તાવેજોમાં સહી કરી આવું લેણું ચુકવવા જવાબદાર બનેલ. આ લોનના હપ્તા પ્રતિવાદીએ નિયમિત ભરેલા નહી. તેથી વાદી બેન્ક દ્વારા વ્યાજ સાથે બાકી રકમ છયાંસી હજાર ત્રેસઠ તમામ ખર્ચ સાથે વસુલવા આ દાવો લાવેલ છે.

(૨) આ કામે પ્રતિવાદી તરફે કોઈ વાંધા જવાબ રજૂ રાખવામાં આવેલ નથી.

(૩) દાવાના સમર્થનમાં વાદીએ નીચે મુજબના મૌખિક તથા દસ્તાવેજી પુરાવાઓ રજૂ કરેલ છે.

**–:: મૌખિક પુરાવો ::–**

| ક્રમ | વિગત | આંક |
|---|---|---|
| ૧. | વાદી બેન્ક વતી સાહેદ શ્રીઆશુતોષ મનોજકુમાર ચક્રવર્તીનું સરતપાસનું સોગંદનામું. | ૨૨ |

**–:: દસ્તાવેજી પુરાવા ::–**

| ક્રમ | વિગત | આંક |
|---|---|---|
| ૧. | સરકારશ્રીનું નોટીફીકેશન ઝેરોક્ષ. | માર્ક ૩/૧ |
| ૨. | પ્રતિ.એ કરેલ લોન માટેની અરજી ઝેરોક્ષ. | માર્ક ૩/૨ |
| ૩. | સેકસશન લેટર ઝેરોક્ષ. | માર્ક ૩/૩ |
| ૪. | કંપોઝીટ એગ્રીમેન્ટ ઝેરોક્ષ. | માર્ક ૩/૪ |
| ૫. | ડીમાન્ડ પ્રોમીસરી નોટ ઝેરોક્ષ. | માર્ક ૩/૫ |
| ૬. | પ્રતિ.ને વાદી બેન્કના એડવોકેટ મારફત આપવામાં આવેલ લીગલ નોટીસની સ્થળપ્રત | માર્ક ૩/૬ |

| | | |
|---|---|---|
| | ઝેરોક્ષ | |
| ૭. | પ્રતિ.ઓને રજી.એડી.થી નોટીસ મોકલ્યાની વિન્ડો રસીદ ઝેરોક્ષ. | માર્ક ૩/૭ |
| ૮. | પ્રતિ.ને મોકલેલ રજી.એડી.નોટીસ વાળુ પરત આવેલ બંધ કવર ઝેરોક્ષ. | માર્ક ૩/૮ |
| ૯. | પ્રતિ.ના લોન એકાઉન્ટ અંગેની વાદી બેન્કની લેઝર શીટ ઝેરોક્ષ. | માર્ક ૩/૯ |

(૪) આ કામે વાદી તરફે વિશેષમાં કોઈ પુરાવો રજૂ કરવા માંગતા ન હોય તે આંક-૨૫ ની કલોઝીંગ પુરસીસથી જાહેર કરેલ છે.

**<u>આ કામે વાદી તરફે દલીલ સંક્ષિપ્તમાં</u>**

(૫) વાદી તરફે દલીલ છે કે, તેઓએ દાવાના સમર્થનમાં તમામ દસ્તાવેજી પુરાવા રજૂ કરેલ છે. દાવા અરજી જે તે સમયના મેનેજર દ્વારા સોગંદ ઉપર ખરાઈ કરેલ છે. પ્રતિવાદી દ્વારા કોઈ જવાબ કે પુરાવા રજૂ નથી. વાદીએ રજૂ કરેલા દસ્તાવેજી પુરાવા હાલના મેનેજર દ્વારા પોતાના આંક-૨૨ વાળા મૌખિક પુરાવામાં સહીઓ ઓળખેલ છે. તેઓની ઉલટતપાસમાં કોઈ શંકાસ્પદ હકીકત જણાયેલી નથી. આવી રીતે વાદીએ દાવો પુરવાર કરેલ હોય માંગણી મુજબની દાદ મંજુર કરવા વિનંતી કરી છે.

**<u>આ કામે પ્રતિવાદી તરફે દલીલ સંક્ષિપ્તમાં</u>**

(૬) પ્રતિવાદી તરફે દલીલ છે કે, લોનની રકમ જમા થઈ હોય તેવું કોઈ સ્ટેટમેન્ટ રજૂ કરેલ નથી. લોનનો પ્રકાર ધ્યાને લેતા વાદી બેન્ક જે રીતે ખાતું એન.પી.એ. કરેલ છે તે રીતે કરી વસુલવા હકકદાર નથી. વાદીની ઉલટતપાસમાં તેઓને દાવા વિશે કોઈ જાણકારી નથી. નિયમ કરતા અગાઉ ઉંચા વ્યાજે રકમ વસુલી લીધેલ છે. આથી અધુરી અને તે રીતે ખોટી હકીકતો સાથે દાવો લાવેલ હોય રદ્દ કરવા વિનંતી કરી છે.

(૭) આ કામે તા.૦૪/૦૪/૨૦૨૪ ના રોજ નીચે મુજબના મુદ્દા ફ્રેમ કરેલા છે.

(૧) શું વાદી પુરવાર કરે છે કે, તેઓની બેન્કીંગ સંસ્થા ઈન્ડીયન બેન્કીંગ કંપની એકટ હેઠળ નોંધાયેલ બોડી કોર્પોરેટ સંસ્થા છે?

(૨) શું વાદી પુરવાર કરે છે કે, તેઓએ પ્રતિવાદીએ પોતાના વેપાર ધંધા માટે વાદી બેંકમાં અરજ કરતા રૂ.૧,૩૫,૦૦૦/– અંકે રૂપિયા એક લાખ પાંત્રીસ હજાર પુરાની તા.૦૩/૦૨/૨૦૧૭ ના રોજ માસીક હપ્તામાં પરત ચુકવવાની શરતે Triangle jib Crane Auto ખરીદ કરવા માટે લોન આપેલ છે. જે અન્વયે પ્રતિવાદીના લોન ખાતા નં.૨૪૬૩૩૦૧૦૦૦૦૧૧૪૯ છે ?

(૩) શું વાદી પુરવાર કરે છે કે, પ્રતિવાદીએ સદરહું ધિરાણની ચુકવણીમાં ડિફોલ્ટ કરેલ છે ?

(૪) શું વાદી રૂ.૮૬,૦૬૩/– પૈસા વ્યાજ સાથે મેળવવા હકકદાર છે ?

(૫) શું વાદીનો દાવો સમયમર્યાદામાં દાખલ થયેલ છે ?

(૬) શું વાદી માંગ્યા મુજબની દાદ મેળવવા હકકદાર છે ?

(૭) શું હુકમ અને હુકમનામું ?

(૮) ઉપરોકત મુદ્દાઓના મારા નિર્ણય નીચે મુજબ છે.

(૧) **હકારમાં**

(૨) **હકારમાં**

(૩) **હકારમાં**

(૪) **હકારમાં**

(૫) **હકારમાં**

(૬) **હકારમાં**

(૭) **આખરી હુકમ મુજબ.**

**–:: કા ર ણો ::–**

**મુદ્દા નંબર–૧ (વાદી નોંધાયેલી સંસ્થા છે કે નહી.)**

(૯) પ્રતિવાદી તરફે દાવાનો કોઈ જવાબ રજૂ કરેલ નથી. દાવા અરજીમાં વાદી સંસ્થા બેન્કીંગ કંપની તરીકે નોંધાયેલાની હકીકત પ્રથમથી

જણાવેલી છે. અને આંક–૨૨ વાળા મેનેજરશ્રી આશુતોષના પુરાવામાં પણ આ હકીકત જણાવેલી છે તે અંગેનું નોટીફીકેશન નિશાની ૧૨/૧ થી ભારત સરકારના રાજપત્રમાં પ્રસિધ્ધ થયેલ હોય તેની નકલમાં રજૂ છે. ઉલટતપાસમાં નોંધણીને ચેલેન્જ કરેલ નથી. ઉપરાંત મૌખિક પુરાવામાં અને દાવા અરજીમાં વાદી બેન્ક નેશનલાઈઝડ બેન્ક હોવાની પણ હકીકત જણાવેલી છે. આ સંજોગોમાં વાદી બેન્ક નોંધાયેલી હોવાની હકીકત પ્રોબેબલ જણાતી હોય **મુદ્દા નંબર–૧ નો જવાબ હકારમાં** આપવામાં આવે છે.

**<u>મુદ્દા નંબર–૨ લોન આપેલી કે નહી</u>.**

(૧૦) દાવા મુજબ વાદી બેન્કે પ્રતિવાદીને તારીખ ૦૩/૦૨/૨૦૧૭ ના રોજ રૂ.૧,૩૫,૦૦૦/– ની લોન માસિક હપ્તામાં પરત ચુકવવાની શરતે ટ્રાઈએંગલ ઝીબ ક્રેન ઓટોના હેતુ માટે આપેલી. આ જ હકીકત બેન્કના મેનેજર આશુતોષ દ્વારા પોતાના આંક–૨૨ વાળા સોગંદનામામાં (પેરેગ્રાફ–૩) માં જણાવેલી છે. નિશાની ૧૨/૩ વાળો લેટર જેમાં બેન્ક મેનેજરની સહી છે અને જે સહી શ્રી આશુતોષ દ્વારા ઓળખાવેલ છે તે મુજબ દાવાની ઉપરોકત હકીકતને સમર્થન મળે છે. આ દસ્તાવેજ મુજબ રૂ.૧,૩૫,૦૦૦/– ની લોન ૪૮ માસિક હપ્તામાં પરત ચુકવવાની શરતે મંજુર થયેલી છે અને તે અનુસંધાને નિશાની ૧૨/૪ વાળું એગ્રીમેન્ટ પણ થયેલ છે જેમાં પ્રતિવાદીની સહી છે અને નિશાની ૧૨/૫ તેટલી રકમની ડીમાન્ડ નોટીસ છે જે આ લોન સંદર્ભે પ્રતિવાદીએ વાદી બેન્કને કરી આપેલી તે છે. શ્રી આશુતોષની ઉલટતપાસમાં આ મહત્વની હકીકતો અંગે શંકા ઉત્પન્ન થાય તેવી કોઈ હકીકત બહાર આવેલ નથી. વાદીનો દાવો દસ્તાવેજી પુરાવાના આધારે છે. પ્રતિવાદી દ્વારા લોન લીધી નથી કે આવા દસ્તાવેજોમાં સહી કરેલ નથી તેવી કોઈ તકરાર નથી. તે સંજોગોમાં વાદીએ રજૂ કરેલા દસ્તાવેજી તથા મૌખિક પુરાવાના આધારે વાદી બેન્ક દ્વારા પ્રતિવાદીને રૂ.૧,૩૫,૦૦૦/– ની લોન

માસિક હપ્તામાં પરત ચુકવવાની શરતે આપેલી તેમાં કોઈ શંકા રહેતી નથી. તેથી **મુદ્દા નંબર–૨ નો જવાબ હકારમાં** આપવામાં આવે છે.

**મુદ્દા નંબર–૩ પ્રતિવાદી ડીફોલ્ટર છે કે નહી.**

**(૧૧)** વાદી દ્વારા એવી હકીકત સાથે દાવો લાવેલ છે કે પ્રતિવાદી તરફથી માસિક નિયમિક લોનના હપ્તા નહી ભરતા પ્રતિવાદીનું લોન ખાતું એન.પી.એ. થયેલ અને વાદી બેન્કની પ્રતિવાદી પાસે છયાસી હજાર ત્રેસઠ રૂપિયાની રકમ વણચુકવાયેલી રહેલી. મેનેજરશ્રી આશુતોષે પણ પોતાના આંક–૨૨ વાળા પુરાવામાં આ હકીકત સ્પષ્ટ જણાવી છે અને તેઓની ઉલટતપાસમાં કોઈ શંકાસ્પદ હકીકત જણાયેલી નથી. નિશાની ૧૨/૯ વાળો દસ્તાવેજી પુરાવો કે જેમાં બેન્કનું રાઉન્ડ સીલ અને સહી છે તે ધ્યાનપુર્વક વંચાણે લેતા તારીખ ૩/૦૭/૨૦૨૦ ના રોજ વાળી નોંધ મુજબ વાદી બેન્કના પ્રતિવાદી પાસે આ રૂપિયા છયાસી હજાર ત્રેસઠ બાકી હોવાની તેમાં સ્પષ્ટ નોંધ દેખાય છે. આ નોંધ બેન્ક દ્વારા પોતાની ફરજના ભાગરૂપે અને નિયમિત નિભાવાતી હોય છે. પ્રતિવાદી દ્વારા રકમ ભરપાઈ કરી દીધી હોય તેવો કોઈ બચાવ કે પુરાવો રજૂ નથી. તેથી પ્રતિવાદીએ વાદી બેન્ક તરફથી ધીરાણ મળેલી રકમ ચુકવવામાં ડીફોલ્ટ કરેલ હોય તે હકીકત પ્રોબેબલ હોય **મુદ્દા નંબર–૩ નો જવાબ હકારમાં** આપવામાં આવે છે.

**મુદ્દા નંબર–૪– છયાસી હજાર ત્રેસઠ વ્યાજ સાથે મેળવવા હકકદાર કે નહી.**

**(૧૨)** અગાઉના મુદ્દામાં ચર્ચા કરી તે મુજબ બેન્ક સ્ટેટમેન્ટની તારીખ ૩/૦૭/૨૦૨૦ ના રોજ મુજબ સદર ટાઈટલ વાળી રકમ બાકી છે. નાણાને સ્થિર રાખવાથી તેનું મુલ્ય ધટે છે તે એક સામાન્ય જ્ઞાનની બાબત છે. વાદી બેન્ક દ્વારા પ્રતિવાદીને જે ધીરાણ આપેલ તે વ્યાપારીક હેતુ માટેનું છે. વાદી બેન્ક તરફથી કોમ્પોઝીટ એગ્રીમેન્ટ રજૂ છે, સ્ટેટમેન્ટ રજૂ છે તેમાં રેટ ઓફ ઈન્ટ્રેસ જણાવેલ નથી. સી.પી.સી.૧૯૦૮ ની કલમ–૩૪ વંચાણે લેતા હાલનો વ્યવહાર

વ્યાપારીક હોય વાદી બેન્ક તારીખ ૦૩/૦૭/૨૦૨૦ ના રોજથી અને નેશનલાઈઝડ બેન્ક દ્રારા કોમર્શીયલ ટ્રાન્ઝેકશન માટે લાગુ પડતા દરે વ્યાજ મેળવવા હકકદાર બને છે. અને આવું વ્યાજ વાદી રકમ મળતા સુધી મેળવવા હકકદાર બને છે. આ સંજોગોમાં વાદી બેન્ક જે તે સમયના નેશનલાઈઝડ બેન્કના પ્રેકટીસ દર તે નવ ટકાના દરથી બાકી રકમ પર વ્યાજ મેળવે તે ઉચિત જણાય છે આથી આવી રીતે **મુદ્દા નંબર–૪ નો જવાબ હકારમાં** આપવામાં આવે છે.

**મુદ્દા નંબર–૫ સમયમર્યાદા**

**(૧૩)** દાવા અરજી તથા આંક–૨૨ વાળા મૌખિક પુરાવા મુજબ લોન તારીખ ૦૩/૦૨/૨૦૧૭ ના રોજ આપેલી છે. નિશાની ૧૨/૪ મુજબ તે અડતાલીસ માસિક હપ્તા માટે હતી. તેથી આ લોન સને ૨૦૨૧ માં પુરી થતી હતી. પરંતુ પ્રતિવાદી દ્રારા નિયમિત માસિક હપ્તા નહી ભરતા આ કરારનો ભંગ કરેલ હોય તેથી આ દાવો તારીખ ૨૩/૧૦/૨૦૨૦ ના રોજ લાવેલ હોય તેને મુદ્દતનો કોઈ બાધ નડતો નથી. તેથી આ **મુદ્દાનો જવાબ હકારમાં** આપવામાં આવે છે.

**મુદ્દા નંબર–૬ મળવાપાત્ર દાદ**

**(૧૪)** વાદી બેન્કે પ્રતિવાદીને આપેલી વ્યાપારીક લોનના માસિક હપ્તા પ્રતિવાદી નહી ચુકવી આપતા, વાદી બેન્કની પ્રતિવાદી પાસે છયાંસી હજાર ત્રેસઠની રકમ બાકી રહેલી. તેથી વાદી આ બાકી રકમ તારીખ ૦૩/૦૭/૨૦૨૦ ના રોજથી વાર્ષિક ૯ ટકાના સાદા વ્યાજ સાથેની કુલ રકમ મેળવવા હકકદાર થાય છે.

પ્રતિવાદી નિયમિત રકમ નહી ભરતા વાદી બેન્કને પ્રતિવાદીને તેના વકીલશ્રી મારફત નોટીસ આપવી પડેલી, તેના નાણાં રોકાય રહેલા, કોર્ટ ફી ભરી અને તમામ ખર્ચ કરી આ દાવો લાવવો પડેલ. અને પ્રતિવાદી દ્રારા તે અંગે કોઈ વિશેષ કાળજી લીધી નથી. તેથી વાદી બેન્ક પ્રતિવાદી પાસેથી દાવાનો ખર્ચ, કાનુની ખર્ચ સહિત ભોગવેલ તમામ ખર્ચ મેળવવા હકકદાર છે.

વાદી એક બેન્કીંગ સંસ્થા હોય અને પ્રતિવાદીને ધીરાણ કરેલ હોય તેથી નાણાંને સ્થિર થતા રોકવા અને વાદી બેન્કની રકમ રીકવરી સીકયોર થાય તે હેતુથી વાદી બેન્ક પ્રતિવાદી પાસેથી પોતાની રકમ પ્રતિવાદીની સ્થાવર અથવા જંગમ અથવા સ્થાવર અને જંગમ બંન્ને મિલ્કતમાંથી, પ્રતિવાદીના હિસ્સે આવેલી અથવા હિસ્સો હોય તેવી સ્થાવર અથવા જંગમ અથવા સ્થાવર અને જંગમ બંન્ને મિલ્કતમાંથી તથા પ્રતિવાદીની જાતમાંથી (જેલમાં બેસાડી) રકમ વસુલવા હકકદાર હોવાનું જણાય છે. તેથી **મુદ્દા નંબર–૬ નો જવાબ હકારમાં** આપી મુદ્દા નંબર–૭ અંગે નીચે મુજબનો આખરી આદેશ કરવામાં આવે છે.

## –:: આખરી આદેશ ::–

**(૧)** વાદી બેન્કનો દાવો આથી મંજૂર કરવામાં આવે છે.

**(૨)** વાદી બેન્ક પ્રતિવાદી અપારનાથી શૈલેષગીરી નારણગીરી પાસેથી રૂપિયા ૮૬,૦૬૩/– છયાંસી હજાર ત્રેસઠ પુરા તારીખ ૦૩/૦૭/૨૦૨૦ થી વાર્ષિક ૯ ટકા સાદા વ્યાજ સાથેની રકમ મળતા સુધીની કુલ રકમ મેળવવા હકકદાર હોવાનું તથા પ્રતિવાદીની સ્થાવર અથવા જંગમ અથવા સ્થાવર અને જંગમ બંન્ને મિલ્કતમાંથી, પ્રતિવાદીના હિસ્સે આવેલી અથવા હિસ્સો હોય તેવી સ્થાવર અથવા જંગમ અથવા સ્થાવર અને જંગમ બંન્ને મિલ્કતમાંથી તથા પ્રતિવાદીની જાતમાંથી (જેલમાં બેસાડી) રકમ વસુલવા હકકદાર હોવાનું ઠરાવી, પ્રતિવાદીએ વાદી બેન્કને આ રકમ આજની તારીખથી બે માસની મુદ્દતમાં એકીસાથે ચુકવી આપવાનો આદેશ કરવામાં આવે છે.

**(૩)** વાદી બેન્કનો બાકી રકમ વસુલવા માટે આ દાવાનો તથા કાનુની તથા અન્ય તમામ ખર્ચ પણ પ્રતિવાદીએ ભોગવવાનો અને ચુકવવાનો રહેશે. અને આવા ખર્ચની રકમ પણ ઉપરોકત પૈરેગ્રાફ–૨ માં જણાવેલી વિગત મિલ્કત તથા

જાતમાંથી વાદી વસુલી શકશે અને પ્રતિવાદીએ આ ખર્ચની રકમ પણ આજની તારીખથી બે માસની મુદ્દતમાં ચુકવી આપવાની રહેશે.

(૪) હુકમ મુજબ હુકમનામું દોરવું.

હુકમ આજ તા.૨૨મી, માહે–એપ્રિલ, સને–૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં લખાવી, વાંચી, સંભળાવી જાહેર કર્યો.

તા.૨૨/૦૪/૨૦૨૬
વેરાવળ.

**(પ્રીતેશ ઉપેન્દ્રકુમાર અંધારિયા)**
એડીશ્નલ સીનીયર સીવીલ જજ, વેરાવળ.
ગીર સોમનાથ
યુઆઈડી નંબરઃ (GJ01119)

Nikhila, P.A. (Guj.Steno.)